ગાંધીનગરના સાત યુવાનોની સ્વચ્છતા અંગે પ્રેરક 'સમર ઈન્ટર્નશીપ'

કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તુત સમર ઈન્ટર્નશીપમાં ભાગ લઈ રાંચરડા ગામે ૨૦ દિવસ સુધી સ્વચ્છતા માટે અભિયાન ચલાવતા સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ : તળાવ સફાઈ, શેરી નાટકો, વર્કશોપ, વિડિયો-મુવી સ્ક્રિનીંગ, સ્વચ્છતા રેલીઓ યોજવા સાથે ઘરે ઘરે જઈને સમજાવટ હાથ ધરી

ગાંધીનગર, તા. ૩૦

યુવાનો અગર કોઈ કાર્યને પાર પાડવાનો એકવાર નિર્ણય કરે પછી તે કાર્ય ગમે તેટલુ મુશ્કેલ હોય કે તેમાં ગમે તેટલી મહેનત કરવી પડે તેમ હોય

પણ તે પુરૂ કરીને જ જંપે છે. આ વાતની સાબિતિ ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજના સાત યુવા વિદ્યાર્થીઓએ સાથે મળીને જિલ્લાના રાંચરડા ગામે ૨૦ દિવસ સુધી રહી ગામમાં સ્વચ્છતા અભિયાન અસરકારક રીતે હાથ ધરવા સાથે ગ્રામજનોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્વચ્છતા અંગે જાગૃત કર્યા હતા.

ભારત સરકાર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત સ્વચ્છતા અભિયાન અંતર્ગત તાજેતરના ઉનાળુ વેકેશનમાં યુવા વિદ્યાર્થીઓ માટે સમર ઈન્ટરનશીપ પ્રોગ્રામ પ્રસ્તુત કરાયો હતો. સ્વૈચ્છિક રીતે હાથ ધરવાના આ પ્રોગ્રામમાં કોઈ વિદ્યાર્થી કે કોલેજ દ્વારા ઝાઝો રસ લેવામાં આવ્યો નહોતો પરંતુ ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરતા દેવમ ત્રિવેદીને આ સમર ઈન્ટર્નશીપમાં રસ પડ્યો હતો. દેવમે તેની સાથે અભ્યાસ કરતા અન્ય છ વિદ્યાર્થીઓ રૂત્વિક પ્રજાપતિ, ભૂમિ પટેલ, હેલી પટેલ, પ્રિન્સ પટેલ, પિંકેશ પ્રજાપતિ અને સ્વયમ્ જીભા મિશ્રાને સાથે લઈ એક ટીમ બનાવી સમર ઈન્ટર્નશીપ પ્રોગ્રામ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને આ માટે તેમણે રાંચરડા ગામની પસંદગી કરી હતી.

સમર ઈન્ટર્નશીપના ૨૦ દિવસના ગાળા દરમ્યાન આ સાતેય યુવાનોએ રાંચરડા ગામમાં દરરોજ જઈને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા શ્રમયજ્ઞ કરવા ઉપરાંત વિવિધ કાર્યક્રમો જેવા કે રેલી, શેરી નાટકો, વર્કશોપ દ્વારા વિડીયો, મુવી સ્ક્રીનીંગ, ઘરે ઘરે ફરીને સમજાવટ તથા પોસ્ટર-કેલેન્ડર બનાવી અસરકારક પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ ઈન્ટર્નશીપ દરમ્યાન યુવાનોએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ ડૉ. હેમાંગીની પટેલની મદદથી શારીરિક સ્વચ્છતા અંગે દર્દીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું તેમજ આશાવર્કર બહેનોને સાથે રાખીને ઘરે ઘરે ફરીને મેલેરીયા-ડેન્ગ્યુ નિવારણ માટે જાગૃતિ ફેલાવી હતી. ઈન્ટર્શીપ દરમ્યાન વિદ્યાર્થીઓએ ગામમાં યોજાયેલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં પણ પોતાની સેવાઓ પુરી પાડી હતી તેમજ પ્રાથમિક શાળાના બાળકોને સાથે લઈ ગામમાં 'સ્વચ્છતા જાગૃતિ' રેલીઓ યોજી હતી. શાળાના બાળકો સાથે તેમણે વિવિધ રમતો રમી સ્વચ્છતાનો સંદેશ તથા મહત્વ અસરકારક રીતે સમજાવ્યુ હતુ તેમજ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ યુવાનોએ રાંચરડા ગામમાં દરેક શેરીઓમાં જઈને શેરી નાટકો દ્વારા ગ્રામજનોને 'જ્ઞા સાથે ગમ્મત' મળી રહે તે રીતે સ્વચ્છતા જાળવવા પ્રેરિત કર્યા હતા.

શૌચાલયનુ મહત્વ સમજાવવા કેલેન્ડર બનાવ્યુ

સાતેય યુવાનોએ મળી ગામના તળાવની સફાઈ હાથ ધરી હતી જેમાં તળાવમાંથી પુજાપા સહિતનો કચરો દૂર કર્યો હતો. આ ઉપરાંત ગ્રામ પંચાયત, શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી અને ઘરે ઘરે જઈને શૌચાલયના ઉપયોગ તથા તેના થકી સ્વચ્છતાના મહત્વ અંગે જાતે તૈયાર કરેલ 'કેલેન્ડર' પણ આપ્યુ હતુ.

પ્રાંતિજના તાજપુરના વેપારીના અપહરણ પ્રકરણમાં પકડાયેલા ચારેય આરોપીના રીમાન્ડ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના તાજપુર ફૂઈ ખાતે રહેતાં વેપારીના અપહરણ બાદ ૧૦ લાખની ખંડણી બાદ વેપારીનો છુટકારા પ્રકરણ કેસમાં પકડાયેલાં ચારેય આરોપીઓને પાંચ દિવસના રીમાન્ડ મંજુર થયા છે.

પ્રાંતિજ પોલીસ દ્વારા માત્ર ૭૨ કલાકમાં પ્રાંતિજના તાજપુર ફૂઈ ગામે બનેલ અપહરણની ઘટનાના ચારેય આરોપીઓને શોધી જેલના હવાલે કરી આરોપીઓ પાસેથી દસ લાખની ખંડણીની રકમમાંથી હાલ ૨,૦૫૦૦૦ તથા હથિયાર ચપ્પુ તથા ઇકોકાર સહિત કબજે લઈને બાકીની રકમ તથા વધુ પુછપરછ માટે પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ કોર્ટમાં રીમાન્ડની માંગ કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ કોર્ટ દ્વારા પાંચ દિવસના પોલીસ રીમાન્ડ મંજુર કરવામાં આવ્યાં છે.

કલોલમાં મકાનમાં ધમધમતા જુગારના અડ્ડા પર પોલીસનો દરોડો

પોલીસે આઠ જુગારીઓને ૪૫ હજારના મુદ્દામાલ સાથે રંગેહાથ પકડી પાડયા

ગાંધીનગર, તા.૩૦

કલોલ શહેરના બારોટ વાસમાં કુંજબિહારી બારોટના મકાનમાં જુગારનો અડ્ડો ધમધમતો હોવાની બાતમીના આધારે કલોલ શહેર પોલીસે દરોડો પાડી આઠ જુગારીઓને દબોચી લીધા હતા. પોલીસે મકાનમાં દરોડો પાડતા નાસભાગ મચી જવા પામી હતી જો કે પોલીસે કોર્ડન કરીને આઠેય જુગારીઓને રૂપિયા ૪૫ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામની વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કલોલ શહેર પીઆઈ વી.ડી. વાળાની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે કલોલના બારોટ વાસમાં રહેતા નિમેશ ઉર્ફે નિમુ મહેન્દ્ર બારોટ ત્યા નજીકમાં બારોટ વાસમાં જ રહેતા કુંજ બિહારી મધુસુદન ધીરજલાલ બારોટના મકાનમાં જુગારીઓને બોલાવીને મોટાપાયે જુગાર રમાડી રહ્યો છે. આ બાતમીના આધારે કલોલ શહેર પોલીસની ટીમે મકાનમાં દરોડો પાડીને ધમધમી રહેલી જુગારધામ પકડી પાડયું હતું. પોલીસને જોઇને નાસભાગ મચી જતા પોલીસે કોર્ડન કરીને તમામ ૮ જુગારીઓને પકડી પાડયા હતા. કલોલના નિમેષ ઉર્ફે નિમુ મહેન્દ્ર બારોટ, અહેમદ રસુલ મલેક, ચાંદખેડાના વિનુ મણી પટેલ, કલોલ તાલુકાના લવાર ગામના મિલન લલીત શાહ, કલોલના વખારિયાનગરના આશીર્વાદ સોસાયટીમાં રહેતા મુકેશ મનુ પટેલ, બારોટ વાસમાં રહેતા દક્ષેશ પ્રવિણચંદ્ર બારોટ, ગોપાલ પ્રેમચંદ નાવાણી, અને કલોલના કલ્યાણપુરા વિસ્તારમાં સોમનાથ સોસાયટીમાં રહેતા જીતેન્દ્ર ઉર્ફે અશોક મોહન પટેલ મળીને આઠ શકુનીઓને રોકડ રૂપિયા ૨૧૭૦૦ તથા ૬ નંગ મોબાઇલ મળી કુલ રૂપિયા ૪૫૨૦૦ ના મુદ્દામાલ સાથે તમામ આઠ આરોપીઓની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ આરોપી નિમેશ બારોટ અગાઉ પણ મહિના પહેલા જુગાર રમતાં પકડાઈ ગયોહતોઅનેસવા લાખના મુદ્દામાલ સાથે ૧૨ જુગારીઓ તે દરોડામાં પકડાયા હતા.

ધરતી વિકાસ મંડળ દ્વારા ૩૨ વડીલોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૩૦

ધરતી વિકાસ મંડળ દ્વારા તાજેતરમાં નારણપુરા ખાતે આવેલા સભાખંડમાં સાંજે ૪ થી ૬.૩૦ કલાક દરમિયાન મંડળના ૬૦ થી ૯૦ વર્ષ પૂર્ણ કરી ચુકેલા ૩૨ વડીલોનો સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટીસંખ્યામાં વડીલો હાજર રહ્યા હતા.

ધરતી વિકાસ મંડળ અને વૃંદાવન વિભાગના છેલ્લા બે માસમાં ૬૦ થી ૯૦ વર્ષ પૂર્ણ કરી ચુકેલા વડીલોનો શુભેચ્છા સમારોહ મંડળના હોદેદારો શીવકુમાર, નટવરલાલ.ડી.પટેલ તથા જનકભાઈ નિશ્રામાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૨૫૦ જેટલા વડીલો હાજર રહેતા આનંદસભર માહોલ ઉભો થયો હતો. આ પ્રસંગે ધ્યાન, સુખ, શાંતિ અને સ્વર્ગ પુસ્તકના લેખક બી.આર.કટારા, પૂર્વ ખાંડ નિયામકએ ખાસ આમંત્રિત મહેમાન તરીકે હાજર રહ્યા હતા. બી.આર.કટારાએ ધ્યાનની અગત્યતા સમજાવી, ધ્યાનથી સમાધિમાં જવાનું મુશ્કેલ નથી અને સૌ કોઈ ધ્યાન કરી સમાધિમાં જઈ શકે છે તે અંગે વિસ્તૃત સમજણ આપી હતી. જેની સૌ સભ્યોએ પ્રશંસા કરી હતી. ધ્યાનવિદ્ કટારાજીએ લાંબા સમયના પ્રયત્નો પછી કોઈપણ વ્યકિત સરળતાથી ધ્યાન અને સમાધિમાં જઈ શકે તે માટે કેટલીક પધ્ધતિઓ તેમણે શોધી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ સભ્યોને ધ્યાન અને સમાધિની અનુભુતી કરાવી હતી. સભ્યોએ અદ્‌ભુત અનુભૂતિ થઈ હોવાનું જણાવી ખુબ જ આનંદ વ્યકત કર્યો હતો. સભ્યોનો ધ્યાન પ્રત્યેનો ઉત્સાહ જોઈ સતત નિર્વિચાર અવસ્થામાં રહેવાનું એટલે કે ધ્યાનમાં કઈ રીતે જઈ શકાય તે શીખવવા હવે પછી બે થી ત્રણ કલાકના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે તેમ અરવિંદભાઈ મહેતાએ જણાવ્યું હતું.

ખેડબ્રહ્મામાં પોલીસ વય નિવૃત્ત વિદાય સમારંભ યોજાયો

ખેડબ્રહ્મા શહેરમાં અર્બુદા માતા મંદિર પાસે હોલ ખાતે યોજાયેલા વય નિવૃત્તમાં તાલુકા ભાજપ પ્રમુખ સ્થાને યોજાયો હતો. જેમાં એએસઆઈ અમરતલાલ દેવજીભાઈ હેડ કોન્સ્ટેબલ, શીવાજી રેવાજી કોન્સ્ટેબલ, ચંદુભાઈ ખીમજીભાઈને શાલ ઓઢાડી શ્રીફળ આપી નિવૃત્ત જીવન સુખ શાંતિથી જાય તેવી શુભેચ્છા પાઠવી હતી. સ્ટાફમિત્રોએ પણ અભિનંદન પાઠવ્યા હતા.

સમન્સ જારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૮ હેઠળ અરજી દાખલ કરી હતી. જેમાં ધ્યાન આપીને કોર્ટે આ મુજબનું સમન્સ જારી કર્યું છે. આ બિલ હેઠળ વિજય માલ્યાની ૧૨૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત પણ કરવામાં આવનાર છે. ૬૨ વર્ષીય શરાબ કારોબારી વિજય માલ્યા પર ૯૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું દેવુ થયેલું છે. અત્રે નોંધનિય છે કે માલ્યાએ હાલમાં જ એક પત્રકાર સાથે સંબંધિત યાદી જારી કરીને કહ્યું હતું કે બેન્કોના નાણા પરત કરવા માટેના તમામ પ્રયાસો કરે છે. જો રાજકીય રીતે પ્રેરીત કોઈ ફેકટર રહ્યા હોત તો તેઓ આ સંદર્ભમાં કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી. માલ્યાએ દાવો કર્યો હતો કે તેઓએ ભારતમાં સરકારી બેન્કોનું દેવું ન ચૂકવવાના લઈને ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી અરૂણ જેટલીને પત્ર લખીને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી હતી પરંતુ બંને પૈકી કોઈએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. માલ્યાએ કહ્યું હતું કે નેતાઓ અને મીડિયા તેમના પર આક્ષેપ મુકે છે કે કિંગફિશર એરલાઈન્સને આપવામાં આવેલા ૯૦૦૦ કરોડ રૂપિયા લઈને તેઓ ફરાર થઈ ગયા છે. લોન આપનાર કેટલીક બેન્કોએ તેમને વિલફુલ ડિફોલ્ટર અથવા તો જાણી જોઈને નાણા ન ચૂકવનાર તરીકે જાહેર કરીને તેમના ઉપર દબાણ વધાર્યું છે.

પ્રવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટ ઈએમએલએફ કેસના સંદર્ભમાં સ્પેશિયલ જજ એમ.એસ. આઝમીએ માલ્યાને આજે નોટિસ જારી કરી હતી. તેમની સામે હાલમાં જ દાખલ કરવામાં આવેલી ઈડીની બીજી ચાર્જશીટની નોંધ લેવામાં આવી હતી.

અમરનાથ યાત્રા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. શ્રદ્ધાળુઓનો ચોથો જથ્થો જમ્મુ પહોંચી ગયો છે પરંતુ આ જથ્થાને ત્યાં જ રોકી દેવાયો છે. સતત વરસાદના કારણે જેલમ નદીમાં પાણીની સપાટી વધી ગઈ છે અને પાણીની સપાટી હવે ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. રાજ્યપાલ એનએન વોરાએ ઉભી થયેલી સ્થિતિની આજે સમીક્ષા કરી હતી. ભારે વરસાદ બાદ કાશ્મીરની સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી રહી છે. સિંચાઈ અને પુર નિયંત્રણ સાથે જોડાયેલા અધિકારી એમએન શાહનવાઝે દક્ષિણ કાશ્મીના તરાઈમાં રહેતા લોકો અને ખાસ કરીને જેલમ અને આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને એલર્ટ કરી દીધા છે. શુક્રવારના દિવસે તાવી નદીમાં ફસાયેલા ૧૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

બસ સેવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રને રજુઆત કરવામાં આવી હતી. જયારે ગાંધીનગરથી પાલનપુર જતા મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈ ડેપો કક્ષાએથી આ બસ આખરે શરૂ કરવામાં આવી છે. રોજ સવારે આ બસ સેવાનો મુસાફરો લાભ લઈ શકશે જયારે ગાંધીનગર થી જામજોધપુર જતી બસ બંધ કરી દેવામાં આવી છે. ગાંધીનગરમાં વિવિધ શહેરોમાંથી આવતા મુલાકાતીઓને વાહનસેવા મળી રહે તે માટે એસ ટીતંત્ર દ્વારા નવા રૂટોમાં બસ શરૂ કરવામાં આવે છે. જયારે આગામી દિવસોમાં પણ ડેપો દ્વારા નવા રૂટોમાં બસ શરૂ કરવામાં આવે તેવી સંભાવના છે.

ડિઝલ વાહનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાદવા માટે પણ જાગૃત નાગરિક પરિષદે રજુઆત કરી છે. જેમાં જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જયોતિન્દ્ર દવેએ મુખ્યમંત્રીને રજુઆતમાં જણાંવ્યા મુજબ એકબાજુ ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે પ્રયાસો થઈ રહયા છે. ત્યારે પ્રદુષણની માત્રાને ડામવા કેટલાક આવશ્યક પગલા લેવાય તે જરૂરી છે. અગાઉ વર્ષ ૨૦૧૬ દરમિયાન વાહન વ્યવ્હાર મંત્રીએ પણ જાગૃત નાગરિક પરિષદની આ રજુઆત અન્વયે જરૂરી પગલા લેવા સુચવ્યુ હતુ. જયારે ગત ઓકટોબર વર્ષ ૨૦૧૭ દરમિયાન અમદાવાદમાં પણ વાયુ પ્રદુષણની દ્રષ્ટીએ ખતરો મંડરાયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. જયારે તત્કાલિકન મુખ્ય સચિવે ત્વરિત બેઠક બોલાવી ડિઝલ વાહનો પર પ્રતિબંધ મુકવા આદેશ કર્યો હોવાના સમાચાર પણ પ્રકાશમાં આવ્યા હતા. સરકાર કક્ષાએથી પર્યાવરણ દિવસની પણ વિશિષ્ટ ઉજવણી થઈ રહી છે. ત્યારે તા ૧ ઓગષ્ટ વર્ષ ૨૦૧૬ના ઠરાવમાં પણ દિલ્હીના વાયુ પ્રદુષણને નિયંત્રિત કરવા દિલ્હીમાં ૧૦ વર્ષ જુના ડિઝલ વાહનો ચલાવવા પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુક્યો હતો. જયારે આ પ્રકારના પ્રતિંબંધના અંતે ગુજરાતમાં આવા જુના વાહનો વેચાણ માટે વિશેષ આવે છે. ગુજરાતમાં વપરાયેલા વાહનો માટે વિશેષ બજાર છે. આમછતા વાયુ પ્રદુષણને અટકાવવા માટે સરકાર કક્ષાએથી કોઈ અસરકારક પગલા લેવાયા નથી જેને ધ્યાને લઈ ટુંકમાં જ પ્રદુષણની સમસ્યાને ડામવા ત્વરિત પગલા લેવાય તેવી માંગણી પણ કરવામાં આવી છે.

લાભોનો ચેક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિવૃત્ત થતા કર્મચારીઓને શુભેચ્છા પાઠવી પંચાયતી રાજના મજબુતીકરણમાં જ્યાં રહો ત્યાંથી સહયોગ કરવા કહ્યુ હતુ. સન્માનનો પ્રતિભાવ આપતાં પ્રમુખશ્રીના અંગત સચિવ ગીરીશ ભટ્ટે કહ્યુ હતુ કે ૧૯૮૩માં જિલ્લા પંચાયતમાં જોડાયો હતો. ૨૦૦૪થી પ્રમુખશ્રીના કાર્યાલયમાં પી.એ. તરીકેની જવાબદારી સંભાળી હતી. જે આજે છેલ્લા દિવસ સુધી નિભાવી છે. તેમણે કહ્યું કે ઘણુ બધુ શીખવા અને જાણવા મળ્યુ છે જે મારા જીવન માટે અનુભવનુ ભાથુ બન્યુ છે. નોકરીના સમયકાળ દરમ્યાન સૌએ આપેલ સહયોગ અને સહકારને પણ તેમણે યાદ કર્યા હતા તેમજ ક્યાંય કોઈક કારણોસર કંઈ બોલાઈ ગયુ હોય તો ક્ષમા યાચના કરી હતી.

સિનીયર ક્લાર્ક ડાહ્યાભાઈએ પણ પોતાના પ્રાસંગિક પ્રતિભાવમાં કહ્યુ હતુ કે સ્પર્ધાત્મક પરીક્ષાથી જુ. ક્લાર્ક તરીકે જોડાયો હતો અને ઘણી બધી શાખાઓમાં ફર્યા પછી ચોકસાઈનો ગુણ વધુ વિકસાવી શક્યો છુ તેનો મને આનંદ છે. મને પણ ગણુ શીખવાનું મળ્યુ છે.

આ પ્રસંગે ડ્રાયવર તરીકે નિવૃત્ત થતા અમરસિંહ તેમજ એકાઉન્ટ શાખાના ચાવડાએ પણ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. ડ્રાયવર એસો.ના પ્રમુખ વિષ્ણુભાઈ સાધુએ ડ્રાયવર અમરસિંહને શાલ, શ્રીફળ આપી સન્માનિત કર્યા હતા. નિવૃત્ત થતાં ચારેય કર્મચારીઓને શાલ ઓઢાડી સન્માનિત કરાયા બાદ ચાંદીનો સિક્કો, શ્રીફળ અને સાકર અર્પણ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિસાબી અધિકારી દેવાંગ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં શનાભાઈ ચૌધરી, સામાજિક ન્યાય સમિતિના એસ.એન. પરમાર, મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેન નરેશભાઈ ઠાકોર, પંચાયત સદસ્ય ચારેલ, કાળુસિંહ રાઠોડ તેમજ પંચાયતની વિવિધ શાખાઓના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

'ગ્રે' લિસ્ટમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એ મોહંમદ જેવા આતંકવાદી સંગઠનો હજુ પણ સક્રિય થયેલા છે. આવી સ્થિતિમાં પાકિસ્તાન પોતાની કટિબદ્ધતાઓને યોગ્ય રીતે પાળી રહ્યું નથી. ભારતનું કહેવું છે કે એફએટીએફ એકશન પ્લાન યોગ્ય રીતે કામ કરશે અને પાકિસ્તાન પર નજર રાખશે. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે ત્રાસવાદ સાથે સંબંધિત વૈશ્વિક ચિંતાઓને ધ્યાનમાં લઈને પાકિસ્તાને પણ પોતાની જમીનથી જારી રહેલી આતંકવાદી ગતિવિધિઓ રોકવા માટે નક્કર પગલાઓ લેવા જોઈએ.

કંપની સમાચાર

એફઆરએઆઈ ગુજરાતે વેચાણ માટે પ્રોડક્સની પસંદગીના અધિકાર પર આવનાર પ્રસ્તાવિક નિયંત્રણો

ફેડરેશન ઓફ રિટેલર એસોસિએશન ઓફ ઈન્ડીયા (એફઆરઆઈએ) દેશભરમાં ૪ કરોડ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ છુટક વ્યાપારીઓનું પ્રતિનિધિ સંગઠન છે. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમના ૩૪ રિટેલ એસોસિશન આ સંગઠનના સભ્ય છે. અમે દેશ ખૂબ ગરીબ વર્ગના હિતોની રક્ષા કરીએ છીએ અને તેમના મુદ્દાઓ ઉઠાવીએ છીએ. જેનાથી તેઓના રોજગારની તકો પર અસર થાય છે તથા અમે એવા લોકોની સહાયતા કરીએ છીએ જેઓ તેમની રજુઆત કરવા માટે સક્ષમ નથી. અમે અસંગઠિતક્ષેત્રે રોજગારીને પ્રોત્સાહન મળે અને તેના સરકારને મદદ મળે તથા ભારતમાં ધંધા માટે સુગમતાવાળુ વાતાવરણ ઉભુ થાય તેવી નિતીઓ તરફ સરકારનું ધ્યાન આકર્ષિત કરીએ છીએ. એફઆરએઆઈએ મુખ્યમંત્રીને ૨ લાખ કરતા વધારે સુક્ષ્મ છુટક વેચાણ કરતા દુકાનદારોના હિતની રક્ષા કરવા માટે અપીલ કરે છે. જેઓ કેટલાય પ્રકારના પ્રોડક્ટસ વેચીને તેમના પરિવાર માટે મુશ્કેલીથી કેટલીક આવક મેળવે છે અને કોઈપણ પ્રકારના સંભવિત ત્રાસથી પોતાનો અને પરિવારનો બચાવ કરે છે. વિદેશી ભંડોળથી પોષિત એનજીઓ ભ્રમિત કરતી જાણકારીઓ સાથે અભિયાન ચલાવી સરકાર પર છુટક વેચાણ કરતા નાના દુકાનદારોના હિતો વિરૂદ્ધ નિતી બનાવવા માટે દબાણ કરી રહ્યા છે.

ટચૂકડી જાહેર ખબર

વેચવાની છે

ઉત્તર ગુજરાતના મહત્વના વેપારી મથક કુકરવાડા (જિ. મહેસાણા)માં સ્ટેશન રોડ પરની મોકાની જગ્યા, ભોંયતળિયે અને પહેલા માળે, હોટલ - ડાઈનીંગ રૂમ, દવાખાનુ, ટ્યુશન ક્લાસીસ, શો-રૂમ વગેરેને લાયક વેચાણથી આપવાની છે. જરૂરત પ્રમાણે આંતરિક ફેરફાર તથા બાંધકામ શક્ય છે.

સંપર્ક નંબર
૯૮૯૯૯૮૮૩૯૩

મકાન વેચવાનું છે

શાયોના ટ્વીન્સ બંગ્લોઝ, ત્રણ રૂમ રસોડુ, મકાન નં.-૭, ગુજરાત વિદ્યાપીઠ સામે, રાંધેજા
મો. : ૯૪૨૯૦૬૯૭૭૨

ધાનેરા નગરપાલિકા
ઓનલાઈન ટેન્ડર
(બીજો પ્રયત્ન)
જાહેર નિવિદા-૨૦૧૮

નગરપાલિકા ધાનેરા દ્વારા નગરપાલિકાના સ્વભંડોળમાં લેવામાં આવેલ પાણી-પુરવઠા શાખાના કામો કુલ-૩ (ત્રણ) વૉર્ડ નં.-૧ શિવનગર ઉંટીયા હનુમાન મંદિર પાસે, નવીન બોર, વૉર્ડ નં.-૭માં શિવાજી પાર્ક સોસાયટીમાં નવીન બોર, અને વૉટર મીટર જેની અંદાજીત કિંમત રૂ. ૩૬.૫૮ લાખ માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસથી કામના ભાવો ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૪/૭/૨૦૧૮ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વિકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડૉક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

અનુ. નં.	વિગત	તારીખ
૧.	ટેન્ડર ડૉક્યુમેન્ટ ડાઉનોડ તારીખ	તા. ૪/૭/૨૦૧૮ થી તા. ૧૪/૭૨૦૧૮ના રોજ ૧૮.૦૦ કલાક સુધી
૨.	ટેન્ડર ઓનલાઈન સબમિશન	તા. ૧૪/૭/૨૦૧૮ના રોજ ૧૮.૦૦ કલાક સુધી
૩.	ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફિસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ	તા. ૧૭/૭/૨૦૧૮
૪.	ટેન્ડર ઓપનીંગ	તા. ૨૦/૭/૨૦૧૮ (સંભવિત)

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

વી.બી. પરમાર	શંકરભાઈ એસ. પટેલ	વસંતીબેન વી. ગલચર	બળવંતજી સી. બારોટ
મુખ્ય અધિકારી નગરપાલિકા ધાનેરા	ચેરમેન પાણી પુરવઠા સમિતિ નગરપાલિકા ધાનેરા	ઉપપ્રમુખ નગરપાલિકા ધાનેરા	પ્રમુખ નગરપાલિકા ધાનેરા

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ